જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૪/૨૦૧૭ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૮/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૩૪૪ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન, ૧ મોટર સાયકલ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૭ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૯૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫૯/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૬૦/૧૭**

**ગુજરાત યુનિવર્સિટીઃ** અનીષાબહેન કેતનભાઈ શાહ (રહે. અરૂણેષ સોસાયટી પલીયડનગર નારણાપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૪/૧૭ રાતના ૯/૦૦ થી તા.૨૩/૪/૧૭ સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન શ્રીજી પેલેસ કોમ્પ્લેક્ષ દેવકીનંદન જૈન દેરાસર પાસે પલીયડનગર શાલીભદ્ર ગ્રુહ ઉધોગની દુકાનના તાળા તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તેલના ડબ્બા નંગ-૧૦ કિમત રૂપિયા ૧૨,૫૦૦/-, ઘીના ડબ્બા નંગ-૫ કિમત રૂપિયા ૧૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૭,૦૦૦/- મળી કિલ રૂપિયા ૮૯,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.ખરસાણ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૬૧/૧૭**

**કાગડાપીઠઃ** પુરીબહેન કલ્યાણજી પરમાર (રહે. અડો વૈયાનું ડેલુ, ઘી કાંટા ) તા.૨૧/૪/૧૭ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે ભુતની આંબલી થી કાલુપર સુધીની રિક્ષામાં મુસાફરી દરમ્યાન પુરીબહેનની નજર ચુકવી રિક્ષામાં બેઠેલ ત્રણ અજાણી વ્યક્તિએ પુરીબહેનના થેલામાંથી ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૯૫૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પુરીબહેન પરમારે કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન કે ડાભી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૮૬૨/૧૭**

**સેટેલાઇટઃ** સુનીલકુમાર ઇન્દુલાલ પટેલ (રહે. ગોયલ ઇન્ટરસીટી સાલ હોસ્પિટલની બાજુમા ડ્રાઇવ-ઇન રોડ બોડકદેવ) એ તા.૨૨/૪/૧૭ કલાક ૭/૩૦ વાગે કર્ણાવતી કલબ નજીક આવેલ એમએમટીએસ બસ સ્ટેન્ડ આગળ પોતાની સેન્ટ્રો કાર નંબર જીજે ૧ એચપી ૮૦૭૭ કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી કલાક ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ સુનીલ પટેલે તા.૨૩/૪/૧૭ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ભગવાનભાઇ મોતિભાઇ ચલાવે છે.

**સોનાનો દોરો ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૮૬૩/૧૭**

**વટવાઃ** મનોજભાઇ નરસિંહભાઈ પરમાર (ઉ.વ.૩૪) (રહે. ઓમકાર રેસીડેન્સી પારસનગર બસ-સ્ટેન્ડની સામે ડી.એમ.પ્રાઈડ ફ્લેટની બાજુમાં વટવા ઇસનપુર રોડ વટવા) તા.૨૩/૪/૧૭ કલાક ૬/૧૫ વાગ્યાના સુમારે ચંદ્રપ્રભા સોસાયટી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનોજભાઈના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનોજભાઈ પરમારે વટવા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૮૬૪/૧૭**

**ચાંદખેડાઃ** ભીમ નાગનાથ સુર્યવંશી (ઉ.વ.૪૨) (રહે.ગોપાલનગર જનતાનગરની પાછળ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૪/૧૭ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ભીમ સુર્યવંશીના પિતા નાગનાથ ચાંદખેડા સિધ્ધી એપાર્ટમેન્ટ સામેથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે ઓટોરિક્ષા નંબર જીજે ૧ ડીવી ૭૬૨૭ ના ચાલકે રિક્ષા પુરઝડપે અને બેદરકારીથી ચલાવી નાગનાથ સુર્યવંશીને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અ ગુનાની તપાસ પો.સ.ઈ એમ.એમ.વાઢેર ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)